# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. કેન્દ્રીય મંત્રી ડૉ મનસુખ માંડવીયાએ જણાવ્યું, છેલ્લા 12 વર્ષમાં દેશમાં આર્થિક વિકાસ,રોજગાર, સામાજિકસુરક્ષા, કૃષિ, મહિલાસશક્તિકરણ, સહિતના ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું
2. **પોરબંદર ખાતે ૧૦૦ હેક્ટર જમીન પર દેશનો સૌથી અદ્યતન ફર્નિચર પાર્ક બનશે**
3. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટ ખાતે રૂ. ૭૪ કરોડ ૩૨ લાખના ખર્ચે નિર્મિત પુલનું લોકાર્પણ કર્યું
4. આજે રાજ્યભરમાં 2 લાખથી વધુ ઉમેદવારો લોકરક્ષક ભરતી માટેની લેખિત પરીક્ષા આપશે
5. હવામાન વિભાગે આગામી સાત દિવસ દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી

----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# MANDAVIYA

પોરબંદર લોકસભાના સાંસદ તથા કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પોરબંદર જિલ્લાના વિકાસને લગતી અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. પત્રકારો સાથેની વાતચીતમાં કેન્દ્રીય મંત્રી એ જણાવ્યું હતું કે પોરબંદર લોકસભા વિસ્તારમાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટોને ઝડપી ગતિ આપવામાં આવી રહી છે , જેના કારણે આગામી સમયમાં વિસ્તારના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે.

કેન્દ્રીય મંત્રી માંડવીયાએ જણાવ્યું હતું કે , છેલ્લા 12 વર્ષમાં દેશમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, સામાજિક સુરક્ષા, કૃષિ, મહિલા સશક્તિકરણ, રોજગાર અને આર્થિક વિકાસના ક્ષેત્રોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.

**( Byte-MANSHUK MANDAVIYA )**

તેમણે જણાવ્યું કે રાણાવાવ ખાતે નવા રેલવે યાર્ડના નિર્માણ માટેની પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પોરબંદર એરપોર્ટના વિસ્તરણ માટે પણ સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોરબંદર-અમદાવાદ વાયા મુંબઈ ફ્લાઇટ સેવાને મંજૂરી મળી ગઈ છે અને આગામી તા. ૨૫ જૂનથી આ ફ્લાઇટ સેવા શરૂ થશે. આ નવી હવાઈ સેવા શરૂ થતાં પોરબંદરની દેશના મહત્વપૂર્ણ શહેરો સાથેની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે.

. . . . . . . . . . . . .

# PORBANDAR-FURNITURE PARK

પોરબંદર ખાતે ૧૦૦ હેક્ટર જમીન પર દેશનો સૌથી અદ્યતન ફર્નિચર પાર્ક બનશે.

પોરબંદરમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવીયાના અધ્યક્ષ સ્થાને વિકસિત પોરબંદર ફર્નિચર પાર્ક સમિટ યોજાઇ હતી. , આ પ્રસંગે મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે ,પોરબંદરના ફર્નિચર પાર્કથી ગુજરાતનો વૈશ્વિક વેપાર વધશે

આ સમિટમાં દેશના ફર્નિચર ઉદ્યોગ સાથે જોડાયેલા ઉદ્યોગકારોએ કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિની જાણકારી મેળવીને પોરબંદર દરિયા કાંઠે હોવાથી વૈશ્વિક વ્યાપારની વિપુલ સંભાવનાને કારણે અનુકૂળ રહેશે તેવો પ્રતિભાવ આપ્યો હતો..

પોરબંદર નજીક ફર્નિચર પાર્ક માટે સૂચિત સાઈટ નક્કી કરવામાં આવી છે. ગુજરાત સરકાર અને ભારત સરકારના સંકલનથી આ પ્રોજેક્ટ આગામી સમયમાં સાકાર થશે. આ માટે 100 હેક્ટર જમીનની પસંદગી કરવામાં આવી છે. અને તેને સંપાદન કરવાની કાર્યવાહી થઈ રહી છે .

. . . . . . . . . . . . .

## RAJKOT BRIDGE-SANGHAVI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટ ખાતે  રૂ. ૭૪ કરોડ ૩૨ લાખના ખર્ચે  નિર્માણ પામેલા નવનિર્મિત ૪-લેન રેલ્વે ફ્લાયઓવર બ્રિજ-સાંઢિયા પુલનું લોકાર્પણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ બ્રિજની કુલ લંબાઈ ૬૭૮ મીટર અને કુલ પહોળાઈ ૧૬.૨૪ મીટર છે. રેલ્વે ટ્રેકથી આ પુલની ઊંચાઈ ૬.૨૫ મીટર છે. આ બ્રિજ કાર્યરત થતાં અંદાજિત ૫૦ હજાર જેટલા વાહનોને રોજિંદી ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળશે.

લોકાર્પણ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીશ્રીને ગાર્ડ ઓફ ઓનર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

## JUNAGADH AIRPORT

જુનાગઢ જિલ્લાના કેશોદ હવાઈમથકનું 363 કરોડ રૂપિયાના ખર્ચે નવીનીકરણ થઈ રહ્યું છે, જેમાં પાયલોટ તાલીમ સંસ્થાનું પણ નિર્માણ કરાશે. આ પ્રોજેક્ટમાં રનવેને એક હજાર 371 મીટરથી 2 હજાર 500 મીટર સુધી લંબાવવાનો અને ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ સ્થાપિત કરાશે. આ અંગે કેશોદ હવાઈમથકના નિયામક રાજ કપૂર મીનાએ વધુ માહિતી આપી.

(બાઇટ : રાજ કપૂર મીના, નિયામક)

## TOURIST FACILITATION DAY

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત સફળ 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે.

જામનગર એરપોર્ટ પણ આગામી તારીખ 15 ના પ્રવાસી સુવિધા દિવસની ઉજવણી કરી અનેકવિધ લોક ઉપયોગી કાર્યો હાથ ધરનાર છે, આ અંગે એરપોર્ટ ડાયરેક્ટરે પત્રકારોને માહિતી આપી હતી.

(બાઈટ : ડી.કે.સિંગ (એરપોર્ટ ડાયરેક્ટર જામનગર)

……………………………

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

……………………………

ડેસ્ક

## RAJKOT AAYOJAN MANDAL BETHAK

પ્રભારી મંત્રી જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લા આયોજન મંડળની બેઠક ક્લેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી.

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની વિવિધ જોગવાઈ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માટેની રૂ. ૨૨૫૦ લાખની નવી દરખાસ્તો મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લામાં

તાલુકા આયોજન સમિતિ તરફથી આઠ તાલુકાના રૂપિયા ૧૩.૪૪ કરોડના ખર્ચના કુલ ૪૨૮ કામો મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યા હતા.

જિલ્લાની છ નગરપાલિકા ભાયાવદર , જસદણ, ગોંડલ, જેતપુર, ધોરાજી, ઉપલેટા તરફથી કુલ મળીને રૂ. ૩૦૨ લાખના ખર્ચના ૩૫ કામોને બહાલી અપાઈ હતી.

. . . . . . . . . . . . .

# "PM E-BUS SEVA"

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી એ ભાવનગરમાં "પીએમ ઈ-બસ સેવા" યોજના અંતર્ગત વધુ ૨૫ ઇલેક્ટ્રીક બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના "ગ્રીન ટ્રાન્સપોર્ટ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ "ના વિઝનને સાકાર કરતી આ પર્યાવરણ ફ્રેન્ડલી ઇલેક્ટ્રિક બસો ભાવનગરના નાગરિકોને સ્વચ્છ, શાંતિપૂર્ણ અને આધુનિક પરિવહન સુવિધા પ્રદાન કરશે.

. . . . . . . . . . . . .

# LRD RECRUITMENT

આજે રાજ્યભરમાં લોકરક્ષક ભરતી માટેની લેખિત પરીક્ષા યોજાશે

ગુજરાત પોલીસ ભરતી બોર્ડની લોકરક્ષક કેડરની કુલ ૧૨ ,૭૩૩ જગ્યાઓ માટેની કુલ ૨ ,૬૩,૩૪૫ ઉમેદવારોની લેખિત પરીક્ષા આજે રાજયની કુલ ૮૭૯ શાળા /કોલેજોમાં યોજાશે. જે માટેની તૈયારી ભરતી બોર્ડ તરફથી પૂર્ણ કરવામાં આવી છે.

ભરતી બોર્ડના જણાવ્યા અનુસાર ઉમેદવારો કોલલેટરમાં દર્શાવેલ કોઇપણ જાતનું પ્રતિબંધિત સાહિત્ય કે ઇલેકટ્રોનીકસ વસ્તુઓ વિગેરે પોતાની સાથે રાખી શકશે નહીં .પરીક્ષા અંગેની કોઇપણ પ્રકારની સચોટ માહિતી માટે ઉમેદવારોએ ફક્ત ગુજરાત પોલીસ ભરતી બોર્ડની વેબસાઇટ તથા X (Twitter) ચેક કરવા જણાવાયું છે

તમામ ઉમેદવારોને પરીક્ષા માટે તમામ ઉમેદવારોને ગુજરાત પોલીસ ભરતી બોર્ડ તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી છે

. . . . . . . . . . . . .

## UPSC

**UPSCએ ભારત સરકારના વિવિધ પદો પર સીધી ભરતી માટે પાત્ર ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવી છે**

**ઉમેદવારો માટેની સૂચનાઓ સાથેની વિગતવાર જાહેરાત આયોગની વેબસાઇટ https://upsc.gov.in પર અપલોડ કરવામાં આવી છે. રસ ધરાવતા ઉમેદવારો ઓનલાઇન રિક્રુટમેન્ટ એપ્લિકેશન પોર્ટલ https://upsconline.nic.in/ora/ દ્વારા 3 જુલાઈ, સુધી અરજી કરી શકે છે.**

. . . . . . . . . . . . .

## WEATHER

હવામાન વિભાગે આગામી સાત દિવસ દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જોકે રાજ્યમાં ગરમીનું પ્રમાણ યથવાત રહ્યું છે , રાજ્યના 8 થી વધુ શહેરોમાં ગઇકાલે મહત્તમ તાપમાન 40 ડિગ્રી થી વધુ નોંધાયું છે

આ અંગે વધુ માહિતી સાંભળીએ હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્મા પાસેથી

**(Byte -પ્રદીપ શર્મા)**

. . . . . . . . . . . . .

## PANCHMAHAL-VIKSIT BHARAT SAMMELAN

ભાવનગર માં ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાયુ

આ સંમેલનમાં જિલ્લાના અગ્રણી ઉદ્યોગપતિઓ , વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો , જનપ્રતિનિધિઓ અને નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે ,ભાવનગરમાં વિશ્વનું પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટ કાર્યરત બન્યું એ ગૌરવની બાબત છે. ઘોઘા-હજીરા રો-રો ફેરી સેવા , પાલીતાણા સોલાર પ્રોજેક્ટ, નવી કલેક્ટર કચેરી, સમરસ હોસ્ટેલ અને તળાજા ખાતે પીએમશ્રી મોડેલ સ્કૂલ જેવા પ્રકલ્પો જિલ્લાના સર્વાંગી વિકાસને વેગ આપી રહ્યા છે.

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે "વિકસિત ભારત સંકલ્પ સંમેલન" યોજાયું. કાર્યક્રમમાં કૃષિ રાજ્યમંત્રીશ્રી રમેશ કટારાએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ શિક્ષણ , આરોગ્ય અને માળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર વિકાસ થયો છે.

શિક્ષણ મંત્રી મંત્રી ડો. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષ સ્થાને કેશોદ ખાતે વિકસિત ભારત સંમેલન અને પ્રગતિપથ યાત્રા' યોજાઈ હતી.

. . . . . . . . . . . . .

## NEW STOPPAGE

વલસાડ જિલ્લાના ઉમરગામ રોડ રેલવે સ્ટેશન ખાતે સુરત-મુંબઈ વચ્ચે દોડતી ફ્લાઈંગ રાણી એક્સપ્રેસ ને નવું સ્ટોપેજ મંજૂર કરવામાં આવ્યું છે.

આ પ્રસંગની ઉજવણી માટે ઉમરગામ રેલવે સ્ટેશન ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં રેલવેના ઉચ્ચ અધિકારીઓ અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે લોકસભા દંડક ધવલ પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો આભાર વ્યક્ત કર્યો હતો. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે, ‘ઉમરગામ માટે આ દાયકાઓ જૂની માંગણી હતી જે આજે પૂરી થઈ છે.

ફ્લાઈંગ રાણીના સ્ટોપેજથી સ્થાનિક ઉદ્યોગો, નાના-મોટા વેપારીઓ અને દૈનિક અપ-ડાઉન કરતા કામદારોને મોટો ફાયદો થશે અને આ વિસ્તારના વિકાસને નવી ગતિ મળશે.’

રેલવે સ્ટેશન પર ટ્રેન આવી પહોંચતા જ મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર તેનું સ્વાગત કર્યું હતું. મહાનુભાવો દ્વારા ટ્રેનને લીલી ઝંડી બતાવી આગળના પ્રસ્થાન માટે રવાના કરવામાં આવી હતી.

## SHIVRAJPUR BEACH

દ્વારકાના શિવરાજપુર બીચના દરિયામાં મધ્યપ્રદેશનો યુવક તણાયો હતો

મધ્યપ્રદેશના ચાર મિત્રો શિવરાજપુર બીચ ખાતે દરિયામાં ન્હાવા પડ્યા હતાં , ત્યારે એક યુવક દરિયામાં તણાયો હતો. ઘટનાની જાણ થતા જ ફાયરબ્રિગેડના જવાનોએ લાપતા યુવકની શોધખોળ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે , શિવરાજપુર બીચ પર વોટર સ્પોર્ટ એક્ટિવિટી અને ન્હાવા પર પ્રતિબંધ લગાવામાં આવ્યો છે.

દરમ્યાન જામનગરમાં પણ સ્વિમિંગ પુલમાં બાળકનું મોત થયું હતું.

14 વર્ષીય આરવ ન્હાઈને બેઠો હતો ત્યારે શ્વાસ રૂંધાયો હતો . તેને તાત્કાલિક જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો.

જામનગરમાં એકજ અઠવાડિયાંમાં બે બાળકોના વોટરપાર્કમાં ડૂબી જવાથી મોત થયા છે.

. . . . . . . . . . . . .

# WORLD BLOOD DONOR DAY

વિશ્વ રક્તદાન દિવસ'ના અવસરે આજે મહેસાણા રેલવે સ્ટેશન ખાતે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સરાહનીય પહેલ મહેસાણા રેલવે સ્ટાફના 'રેલવે સેવાર્થ ગ્રુપ' દ્વારા કરવામાં આવી હતી, જેમાં રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ તથા પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO),અમદાવાદની અધ્યક્ષા શ્રીમતી શેફાલી ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા.

'રેલવે સેવાર્થ ગ્રુપ 'ના આ સેવાકાર્યમાં રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ સામાજિક જવાબદારી નિભાવી કુલ 101 યુનિટ રક્ત એકત્રિત કર્યું.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે તમામ રક્તદાતાઓને આ જીવનદાયી યોગદાન બદલ અભિનંદન પાઠવ્યા અને 'રેલવે સેવાર્થ ગ્રુપ 'ની સેવાભાવનાની પ્રશંસા કરી. તેમણે ભવિષ્યમાં પણ આવા સામાજિક કાર્યોને આગળ વધારવાની પ્રેરણા આપી અને રક્તદાનને માનવસેવાનું શ્રેષ્ઠ માધ્યમ ગણાવી દરેક સ્વસ્થ વ્યક્તિને નિયમિત રક્તદાન કરવા અપીલ કરી.

WRWWOની અધ્યક્ષા શ્રીમતી શેફાલી ગુપ્તાએ કાર્યક્રમના ઉત્તમ આયોજનની પ્રશંસા કરી. તેમણે મહત્વપૂર્ણ સૂચન કરતાં જણાવ્યું કે અમદાવાદ ડિવિઝનમાં રેલવેનું પોતાનું સમર્પિત 'બ્લડ બેંક' હોવું જોઈએ, જેથી આપત્તિકાળની સ્થિતિમાં રેલવે કર્મચારીઓ તથા સામાન્ય નાગરિકોને તાત્કાલિક મદદ મળી શકે.

સમારોહ દરમિયાન રક્તદાતાઓના યોગદાનની પ્રશંસા સાથે સહાયક વાણિજ્ય પ્રબંધક- FM અને સહાયક મંડળ સિગ્નલ અને દૂરસંચાર ઇજનેર , મહેસાણાને તેમના ઉત્કૃષ્ટ સહકાર બદલ મુખ્ય અતિથિઓના હસ્તે સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.

રક્તદાતાઓને પ્રોત્સાહન આપવા મંડળના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા , જેમાં વરિષ્ઠ મંડળ સિગ્નલ અને દૂરસંચાર ઇંજિનિયર , વરિષ્ઠ મંડળ ઇલેક્ટ્રિકલ ઇંજિનિયર- TRD, વરિષ્ઠ મંડળ વિદ્યુત ઇંજિનિયર-G, મંડળ ઇંજિનિયર-નોર્થ તથા સહાયક વાણિજ્ય પ્રબંધક-FM ઉપસ્થિત રહ્યા હતા

. . . . . . . . . . . . . .

.

.